# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) **રાજ્યમાં 60 લાખ કરતાં વધુ ખેડૂતોએ વિવિધ વિકાસ યોજનાઓના લાભ માટે એક કરોડ 42 લાખથી વધુ અરજીઓ કરી**
2) **સૌરઊર્જાથી સુકી ગામ બન્યું "સુખી" - ખેડા જિલ્લાનું સુકી ગામ જિલ્લાનું પ્રથમ અને રાજ્યનું ત્રીજું સોલાર વિલેજ બન્યું**
3) **અમરેલીમાં નવીન માર્ગના નિર્માણનું ખાતમૂહૂર્ત કરાયું જ્યારે મોરવા હડફમાં એક હજાર 633 લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજનાના મંજૂરી પત્ર એનાયત કરાયા.**
4) **જીએસટી નહીં ભરનારા સામે વેરા વિભાગે તવાઇ બોલાવીને મંડપ ડેકોરેશન અને પાર્ટી પ્લોટ ભાડે આપનારા વેપારીઓ પાસેથી પાંચ કરોડ 42 લાખની કરચોરી ઝડપી**
5) **અમદાવાદના સાબરમતીમાં પાર્સલ બૉંબ વિસ્ફોટ કેસના ત્રણ આરોપી પાંચ દિવસના રિમાન્ડ પર**
6) **રાજ્યમાં આગામી 48 કલાક બાદ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# I KHEDUT PORTAL

રાજ્યના 60 લાખથી વધુ ખેડૂતોને વિવિધ યોજનાકીય લાભો મેળવવા માટે આઈ ખેડૂત પોર્ટલ પર કુલ એક કરોડ, 42 લાખથી વધુ અરજીઓ કરી છે. જેમાં ત્રણ હજાર, 948 કરોડથી વધુની સહાય વિવિધ યોજનાઓ હેઠળ ખેડૂતોને ચૂકવવામાં આવી છે. આજે રાષ્ટ્રીય ખેડૂત દિવસની ઉજવણી થઇ રહી છે. ત્યારે રાજ્યમાં પણ ખેડૂતલક્ષી યોજનાઓ અમલમાં છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ...

## (વોઇસ કાસ્ટ)

રાજ્ય સરકારે વર્ષ 2014માં શરૂ કરેલ આઈ ખેડૂત પોર્ટલની સુદઢ સુશાસનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ટેકનોલોજીના કાર્યક્ષમ ઉપયોગથી ખેડૂતોને ઝડપથી કૃષિ યોજનાઓના લાભ મળી રહે તે માટે રાજ્ય સરકારે આઈ ખેડૂત પોર્ટલનો નવતર અભિગમ અપનાવ્યો છે.

આ પોર્ટલ દ્વારા ખેડૂત સરકારી યોજનાઓનો સીધો લાભ મેળવી શકે છે. ખેડૂત પોતાની અરજીનું ઓનલાઇન સ્ટેટ્સ જાણી શકે છે. આઈ ખેડૂત પોર્ટલ પરથી ખેડૂતોને બિયારણ, ખાતર, દવાઓનું વેચાણની માહિતી મળી રહે છે. ખેતીની ઉપજના બજારના ભાવ પણ જાણી શકાય છે. ખેતીને લગતા પ્રશ્નોનું નિરાકરણ પણ મળે છે.

-------------------------------------------------------------------

- માહિતી ખાતુ – અજય ઇન્દ્રેકર - દુર્ગેશ

# SUKHI

ગુજરાતના ગ્રીન રિવોલ્યુશન કમિટમેન્ટમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર ખેડા જિલ્લાનું સુકી ગામ પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના થકી ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનવા અન્ય ગામો માટે પ્રેરણારૂપ બનશે. સુકી ગામ રાજ્યનું ત્રીજુ સોલાર વિલેજ બનતા રાજ્યના મુખ્યમંત્રીએ ટ્વીટના માધ્યમથી પોતાની પ્રતિક્રિયા આપી હતી જ્યારે આરોગ્ય મંત્રી ઋષિકેષ પટેલે પણ ટવીટ કરીને આ અંગે આનંદ વ્યક્ત કર્યો હતો.

પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના અંતર્ગત 183.27 કિલો વોટ સોલર ઓન-ગ્રિડ સિસ્ટમ્સ ઇન્સ્ટોલ કરાયા છે. અંદાજિત 77.79 લાખના ખર્ચે ગામના કુલ 78 ઘર પર સોલર રૂફટોપ ઇન્સ્ટોલેશનની 100 ટકા કામગીરી પૂર્ણ થઇ હોવાનું તેમણે જણાવ્યું હતું..

રાજ્યનું પ્રથણ સોલર વિલેજ મહેસાણાનું મોઢેરા છે જ્યારે હાલમાં જ બનાસકાંઠાનું સરહદી ગામ મુસાલી રાજ્યનું બીજુ સોલર વિલેજ બન્યું હતું હવે ખેડાનું સુકી ગામ પણ ત્રીજુ સોલાર વિલેજ બન્યું છે..

આમ રાજ્યમાં સૌર ઉર્જા અંગે જાગૃતિ ફેલાઇ રહી છે અને દેશ માટે પણ મોડેલરૂપ કામગીરી રાજ્યમં થઇ રહી છે. તે આ ત્રણ સોલાર વિલેજ જાહેર થવાથી ફલિત થાય છે.

---

- ટ્વીટ- હર્ષલ પંડ્યા, NAVIN

# DEVLOPMENT WORK

રાજ્યમાં સરકાર દ્વારા વિવિધ વિકાસ કાર્યો થઇ રહ્યાં છે. લોકોની સુવિધામાં વધારો કરવા માટે પરિયોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે ત્યારે અમરેલી અને પંચમહાલમાં કાર્યો હાથ ધરાઇ રહ્યાં છે.

અમરેલીમા રૂપિયા 5 કરોડના ખર્ચે તૈયાર થનાર જેશીંગપરામાં નવા ખીજડીયા નોન પ્લાન રસ્તાનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. અમરેલી શહેર અને જોડતા ચલાલા ધારી કોડીનાર હાઈવે સુધી માર્ગ કનેક્ટિવિટી ઉપલબ્ધ થાય તે માટે વિધાનસભાના મુખ્ય નાયબ દંડક અને ધારાસભ્ય કૌશિક વેકરીયાના હસ્તે રૂપિયા 17 કરોડના ખર્ચે તૈયાર થનારા બે માર્ગોનું ભુમીપુજન અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું.

જ્યારે પૂર્વ મંત્રી  મોરવા હડફ વિધાનસભા બેઠકના ધારાસભ્ય નિમિષા સુથારના હસ્તે મોરવા હડફ જિલ્લા પંચાયતમાં સમાવિષ્ઠ કુલ ૧૦ ગામના પ્રધાનમંત્રી આવાસ યોજનાના કુલ એક હજાર ૬૩૩ જેટલા લાભાર્થીઓને ધારાસભ્યના હસ્તે મંજૂરી પત્ર એનાયત કરાયા હતા. ભરૂચ શહેરમાં બિસ્માર બનેલા માર્ગોના સમારકામ માટે રાજ્ય સરકાર દ્વારા 6.50 કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે ત્યારે આવનારા દિવસોમાં માર્ગોના સમારકામની કામગીરી હાથ ધરાશે

---------------------------------------------------------------------

- પીટીસી- અમરેલી, પંચમહાલ, ભરૂચ, હર્ષલ પંડયા, NAVIN

# BHARUCH PATIL BJP OFFICE

ભરૂચના મઢુલી સર્કલ નજીક 6.50 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનાર ભારતીય જનતા પાર્ટીના નવા કાર્યાલય શ્રી કમલમનું પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલના હસ્તે ખાતર્મુહુત કરવામાં આવ્યું હતું. ભાજપના પ્રદેશના નેતાઓ અને સ્થાનિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ભરૂચના ઝઘડિયામાં બનેલી બાળકી ઉપરના દુષ્કર્મના કેસ અંગે બોલતા તેમણે આ મુજબ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા આ કેસમાં કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે. આરોપીને કડકમાં કડક સજા થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા પગલાં લેવાઇ રહ્યાં છે.

## બાઇટ સી.આર.પાટીલ-અધ્યક્ષ, ગુજરાત ભાજપ

---------------------------------------------------------------------

- પીટીસી- ભરૂચ – હર્ષલ પંડ્યા , NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝિક

.......................................

# CR PATIL – JAL SANCHAY

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટિલે કહ્યું છે કે, વરસાદી પાણીનો સંગ્રહ કરી ભવિષ્યની પેઢીને વારસામાં અખૂટ જળસંગ્રહ આપીએ.

સુરતના વેસુ શ્યામ મંદિરેથી મહેંદીપુર બાલાજી મંદિર સુધીની જળસંચય મહિલા પદયાત્રામાં શ્રી પાટિલે આ મુજબ જણાવ્યું હતું.

તેમણે મહિલાઓને અનુરોધ કર્યો હતો કે તેઓ તેમના પિયરનું ગામ દતક લઈને જળસંચયમાં સહભાગી બને અને અન્ય મહિલાઓને પણ જળસંચયની પ્રેરણા આપે. આ જળસંચય મહિલા પદયાત્રામાં હાજર રહેલ એક મહિલાએ પોતાનો પ્રતિભાવ આ રીતે આપ્યો.

## (બાઇટ મહિલા)

---

- મા.ખા. અજય - દુર્ગેશ

# GST – B2C SECTOR

ગુજરાત વસ્તુ અને સેવા કર – GST વિભાગે પાર્ટી પ્લોટ ભાડે આપનાર અને કેટરીંગ અને મંડપ - શણગાર સેવાઓ સાથે સંકળાયેલા 52 જેટલા કરદાતાના 67 સ્થળોએ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન 24.89 કરોડ રૂપિયાના બિન હિસાબી વ્યવહારો અને 5 કરોડ 42 લાખ રૂપિયાની કરચોરી થઈ હોવાનું સામે આવ્યું છે.

GST વિભાગે અમદાવાદ, આણંદ, અંકલેશ્વર, ભરૂચ, ખેડા, નડિયાદ અને વડોદરા સહિતના શહેરોમાં તપાસ અભિયાન હાથ ધર્યું છે.

---

- પીટીસી, અમદાવાદ, કરણ, NAVIN

# PARCEL BOMB

અમદાવાદના પાર્સલ બોમ્બ કેસમાં અદાલતે 3 આરોપીઓના પાંચ દિવસના રીમાન્ડ મંજૂર કર્યા છે. સાબરમતી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના બાબતે અદાલત દ્વારા આરોપીઓના 27 ડિસેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કરાયા છે.ઉલ્લેખનીય છે કે આ 3 લોકોએ અમદાવાદના સાબરમતીમાં વડી અદાલતના કર્મચારીના ઘરે પાર્સલ દ્વારા બોમ્બ મોકલી હત્યાનું ષડયંત્ર રચ્યું હતું. આરોપીઓ પાસેથી બીજા 2 બોમ્બ મળી આવ્યા હતા જેને નિષ્ક્રિય કરાયા છે.

---------------------------------------------------------------------

- અમદાવાદ પીટીસી કરણ, NAVIN

# WEATHER

રાજ્યનું છેલ્લાં 24 કલાકથી વાતાવરણ પલટાયું છે. આગામી 48 કલાક બાદ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

આગામી 48 કલાકમાં રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન બે થી ચાર ડિગ્રી સેલ્સિયસ સુધી વધી શકે છે. જેનાથી ઠંડીમાં ઘટાડો થશે

--------------------------------------------------------------------

- રીપીટ

# VALSAD AROHAN AVROHAN

વલસાડના પારનેરા ડુંગર ખાતે રાજ્યકક્ષાની બીજી આરોહણ- અવરોહણ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં 19 થી 35 વય જુથમાં નોંધાયેલા 200 જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ૨૦ વિજેતા સ્પર્ધકોને ૨.૩૪ લાખના પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્યએ આ મુજબ જણાવ્યું

(ધારાસભ્ય ભરતભાઈ)

---------------------------------------------------------------------

- NDMS, KARAN NAVIN